


આરોગ્ય પરિવાર કલ્યાણ રાજય મંત્રી કુમાર કાનાણી સમની ખાતે દાંડીયાત્રામાં સામેલ થયા હતા.

# આરોગ્ય પરિવાર કલ્યાણ રાજય મંત્રી કુમાર કાનાણી સમની ખાતે દાંડીયાત્રામાં સામેલ થયા

## આમોદ, બુવા, કેરવાડા, સૂડી અને સમની ખાતે દાંડી યાત્રિકોનું ઠેર ઠેર ફૂલવર્ષા કરી સ્વાગત કરતાં ગ્રામજનો : સમની ખાતે રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

**ધબકાર પ્રતિનિધિ, ભરૂચ, તા. ૨૪**

દાંડીયાત્રાના બારમા દિવસે આરોગ્ય પરિવાર કલ્યાણ રાજય મંત્રી કિશોરભાઇ કાનાણી (કુમાર) સમની રોડ ખાતે દાંડી યાત્રિકોનું સુતરની આંટીથી સ્વાગત કર્યું હતું. આ વેળાએ પૂર્વ મંત્રી છત્રસિંહ મોરી, જિલ્લા પંચાયતના પ્રમુખ અલ્પાબેન પટેલ, જિલ્લા કલેકટર ડો. એમ. ડી. મોડિયા, જિલ્લા વિકાસ અધિકારી અરવિંદ વિજયન, ડી. કે. સ્વામી, તાલુકા પંચાયતના પ્રમુખ રોનક પટેલ તથા અન્ય પદાધિકારીઓ પણ દાંડીયાત્રિકોના સ્વાગતમાં જોડાયા હતા. સ્વાગત કર્યા બાદ મંત્રીએ સમની રોડ થી ગાંધીઆશ્રમ સમની સુધી પદયાત્રા કરી યાત્રિકોના ઉત્સાહમાં વધારો કર્યો હતો. આ વેળાએ અધિકારીગણ અને આમોદ તાલુકાના આગેવાન પદાધિકારીઓ પણ મંત્રી અને દાંડીયાત્રિકો સાથે પદયાત્રામાં જોડાયા હતા.

સરભાણ રોડ પર આવેલી સ્વામિનારાયણ સ્કૂલથી નીકળેલી દાંડીયાત્રાનું રસ્તામાં આગેવાન પદાધિકારીઓ દ્વારા સ્વાગત થતાં બપોરે બુવા ગામે પહોંચી હતી. બુવાથી બપોરે ૪-૩૦ કલાકે યાત્રા આગળ પ્રસ્થાન કરતાં કેરવાડા ખાતે ગામ લોકોએ ભવ્ય સ્વાગત કર્યું હતું. યાત્રા આગળ વધતા સોલાર પ્લાન્ટ પાસે કે. પી. ગૃપના માલિક ગુલામભાઇ પટેલ દ્વારા દાંડીયાત્રિકોને સુતરની આંટીથી અને ગુલાબનું ફુલ આપી ઉષ્માભર્યુ સ્વાગત કર્યું હતું.આ વેળાએ કે. પી. ગૃપના ડીરેકટર અફરાશ શેખ સહિત સ્ટાફગણે માર્ગની બંને બાજુ ઉભા રહીને ભાવભર્યુ સ્વાગત કરવામાં આવ્યું હતું. કે.પી.ગૃપ ધ્વારા યાત્રિકો માટે ઠંડા પીણાની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. રાત્રિ રોકાણ દરમ્યાન સમની ખાતે રંગારંગ સાંસ્કૃતિક રજુ થયો હતો.

સમની રોડ ખાતે દાંડી યાત્રિકોનું સુતરની આંટીથી સ્વાગત

# બાપુના પાઠ તમે ભણી જુઓ ગીત ગાઈ દાંડીયાત્રામાં ઉત્સાહ વધાર્યો

## આરોગ્ય પરિવાર કલ્યાણ રાજય મંત્રી કિશોર કાનાણી યાત્રમાં જોડાયા



દાંડીયાત્રાના બારમા દિવસે દાંડી સમની રોડ પર આરોગ્ય પરિવાર કલ્યાણ રાજય મંત્રી કિશોરભાઇ કાનાણી યાત્રામાં જોડાયા હતાં.

। ભરૂચ ।

દાંડીયાત્રાના બારમા દિવસે આરોગ્ય પરિવાર કલ્યાણ રાજય મંત્રી કિશોરભાઈ કાનાણી (કુમાર) સમની રોડ ખાતે દાંડી યાત્રિકોનું સુતરની આંટીથી સ્વાગત કર્યું હતું. આ વેળાએ પૂર્વ મંત્રી છત્રસિંહ મોરી, જિલ્લા પંચાયતના પ્રમુખ અલ્પાબેન પટેલ, જિલ્લા કલેકટર ડો. એમ.ડી. મોડિયા, જિલ્લા વિકાસ અધિકારી અરવિંદ વિજયન તથા અન્ય પદાધિકારીઓ પણ દાંડીયાત્રિકોના સ્વાગતમાં જોડાયા હતા.

સ્વાગત કર્યા બાદ મંત્રીએ સમની રોડથી ગાંધીઆશ્રમ-સમની સુધી પદયાત્રા કરી યાત્રિકોના ઉત્સાહમાં વધારો કર્યો હતો. સરભાણ રોડ પર આવેલી સ્વામિનારાયણ સ્કૂલથી નીકળેલી દાંડીયાત્રાનું રસ્તામાં આગેવાન પદાધિકારીઓ ધ્વારા સ્વાગત થતાં બપોરે બુવા ગામે પહોંચી હતી. બુવાથી બપોરે ૪-૩૦ કલાકે યાત્રા આગળ પ્રસ્થાન કરતાં કેરવાડા ખાતે ગામ લોકોએ ભવ્ય સ્વાગત કર્યું હતું.

કેરવાડાના દરબારગઢ ખાતે દાંડીયાત્રિકોનું સ્વાગત કરતાં ૮૭ વર્ષીય ગાંધી વિચારો ધરાવતા બદ્રીભાઈ જોષીએ બાપુના પાઠ તમે ભણી જુઓ...ઘેલા હો માનવી..ભણી જુઓ અને ભણાવી જુઓ ઘેલા હો માનવી... ગીત ગાઈને દાંડીયાત્રિકોના ઉત્સાહમાં વધારો કર્યો હતો. તેજ રીતે કેરવાડા ગામના જ મયુરધ્વજસિંહ રાણાએ દાંડીયાત્રિકોને રૂા.૫૦૧ની થેલી એનાયત કરી હતી તેમણે જણાવ્યું હતું કે ૧૯૩૦ની સાલમાં જયારે પૂ. ગાંધીજી કેરવાડાના આ દરબારગઢ ખાતે પાંચ મિનિટ ભાષણ કર્યું હતું અને મારા પરદાદાઓએ તે વખતે પૂ. ગાંધીજીને રૂા. ૫૦૧ની થેલી એનાયત કરી હતી તેમણે પણ દાંડીયાત્રિકોને શુભેચ્છાઓ પાઠવી હતી.

# કે.પી. ગ્રુપ સોલારિઝમ દ્વારા દાંડી યાત્રીકોનું ભવ્ય સ્વાગત કરાયું






(તસવીર : ઝફર ગડીમલ)

**ધબકાર પ્રતિનિધિ, વાગરા, તા. ૨૬**

આઝાદી કા અમૃત મહોત્સવ દાંડી યાત્રાનું કે.પી. ગ્રુપ સોલારિઝમ દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યુ હતુ.આમોદ ના કેરવાડા, સમિયાલા દાંડી માર્ગે પસાર થતા પદયાત્રીઓ નું કે.પી. ગ્રુપ ના માલિક ગુલામ પટેલ અને અફરાઝ શેખ તેમજ તેમના સ્ટાફ દ્વારા સૂતરની આટી પહેરાવી અને ગુલાબ નું ફૂલ અર્પણ કરી ભાવભીનું સ્વાગત કર્યુ હતુ.કે.પી ગ્રુપે પદયાત્રીઓને પાણી અને ઠંડા પીણા ની વ્યવસ્થા કરી હતી.અમદાવાદ થી નીકળેલા પદયાત્રી ગીરીશભાઈ ગુપ્તાએ જણાવ્યુ હતુ દાંડી યાત્રા માં જોડાવાથી વિશેષ અનુભૂતિ થઈ રહી છે.તસ્વીરમાં પોરબંદર ડો. મનીશકુમાર ઝીલડીયા, ગુલામ પટેલ, અફરાઝ શેખ અને નજરે પડે છે.

# સંક્ષિપ્ત સમાચાર




**દાંડીયાત્રાનું ભવ્ય સ્વાગતઃ** આઝાદી કા અમૃત મહોત્સવ દાંડી યાત્રાનું કે.પી. ગ્રુપ સોલારિઝમ દ્ધારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આમોદના કેરવાડા, સમિયાલા દાંડી માર્ગે પસાર થતા પદયાત્રીઓનું કે.પી. ગ્રુપના માલિક ગુલામ પટેલ અને અફરાઝ શેખ તેમજ તેમના સ્ટાફ દ્ધારા સૂતરની આટી પહેરાવી અને ગુલાબનું ફૂલ અર્પણ કરી ભાવભીનું સ્વાગત કર્યું હતુ. કે.પી ગ્રુપે પદયાત્રીઓને પાણી અને ઠંડા પીણાની વ્યવસ્થા કરી હતી. અમદાવાદથી નીકળેલા પદયાત્રી ગીરીશ ગુપ્તાએ જણાવ્યું હતું દાંડી યાત્રામાં જોડાવાથી વિશેષ અનુભૂતિ થઈ રહી છે.